જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૦૮/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૬૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮ બિયર ટીન, તેમજ ૪ કિલો ૨૭૦ ગ્રામ ગાંજો, ૧ મોટર સાયકલ, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૬૫૦/-અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૬૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૭૦/૧૮

**ઘાટલોડીયા** : વિજયકુમાર ચંદનમલ હોતલાણી (રહે,કર્મચારીનગર વિભાગ-૧ ઘાટલોડીયા) એ તા.૩૧/૭/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૭/૧૮ ના કલાક ૧૧/30 થી તા.૩૧/૭/૧૮ બપોરના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારી વાટે અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી અને ભગવાનના મંદિરમાંથી સોના-ચાંદીના તેમજ ડાયમંડના દાગીના, ઘડીયાળ તથા ગોદરેજ કંપનીનું લોકર મળી કુલ કિંમત રૂપિયા ૫,૯૯,૯૦૦/- તેમજ રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧૪,૯૯,૯૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એમ.ગામીત ચલાવે છે.

**નરોડા** : મહેશજી શંભુજી ઠાકોર (રહે,કાનન રેસીડેંસી, પ્રિન્સ સોસાયટી પાસે, નાના ચીલોડા, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૭/૧૮ સાંજના ૫/૦૦ થી તા.૩૧/૭/૧૮ ના કલાક ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાની તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/-અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**<u>કરંટ લાગતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૧/૧૮</u>**

**સરખેજ** : સેજલબેન ડો/ઓ મલાભાઈ માલીવાડ (ઉ.વ.૧૯)(રહે,નવા બનેલ અશરફ બંગ્લોઝ આલ્મતપાર્કની સામે કાદરી પાર્ટીપ્લોટની બાજુમા સરખેજ) તા.૩૦/૭/૧૮ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે નવા બનેલ અશરફ બંગ્લોઝ ખાતે પોતાના પિતા સાથે કામ કરતા હતા દરમ્યાન એક રૂમમાંથી બીજા રૂમમા ઈલેક્ટ્રીક બોર્ડ લઇ જતી વખતે બોર્ડમાંથી કરંટ લાગતા, સારવાર અર્થે તેમને શેઠ વા,સા, હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૭/૧૮ સાંજના ૫/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.પંડ્યા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.